જે વ્યક્તિ પાસે સોનું અને ચાંદી હોય અને તે (નિસાબ) સુધી પહોંચી જાય, છતાંય તેનો (ઝકાત)નો હક અદા ન કરે, તો કયામતના દિવસે તેના માલની આગની તખતીઓ બનાવવામાં આવશે

અબૂ હુરૈરહ રઝી અલ્લાહુ અન્હુ રિવાયત કરે છે, તેઓએ કહ્યું: નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ કહ્યું: «જે વ્યક્તિ પાસે સોનું અને ચાંદી હોય અને તે (નિસાબ) સુધી પહોંચી
જાય, છતાંય તેનો (ઝકાત)નો હક અદા ન કરે, તો કયામતના દિવસે તેના માલની આગની તખતીઓ બનાવવામાં આવશે, તે તખતીઓને આગમાં ગરમ કરવામાં આવશે, અને તેના વડે તેના કપાળ, તેની પીઠ અને તેના બાજુઓને દાગ આપવામાં આવશે, અને જ્યારે પણ તે તખતીઓ ઠંડી પડી જશે, ફરીવાર તેને ગરમ કરવામાં આવશે, (આ અમલ સતત ચાલુ રાખવામાં આવશે) હિસાબ કિતાબના દિવસ સુધી, ત્યાંનો એક દિવસ પચાસ હજાર વર્ષ બરાબર હશે, જ્યાં સુધી બંદાઓ વચ્ચે નિર્ણય કરી દેવામાં આવશે, અને તેમને જન્નત અથવા જહન્નમનો માર્ગ બતાવી દેવામાં આવશે». પૂછવામાં આવ્યું કે હે અલ્લાહના રસૂલ ! ઊંટ વિશે શું આદેશ આપો છો? કહ્યું: «જે વ્યક્તિ ઊંટોનો માલિક હોય અને તેનો હક (ઝકાત) અદા ન કરે, જરૂરત અને મુસાફિરો માટે તેનું દૂધ કાઢવામાં આવે, તો કયામતના દિવસે એક સપાટ મેદાનમાં ઊંટોની સામે ઊંધો સુવાડવામાં આવશે, તેના બધા ઊંટો પહેલા કરતા પણ વધારે તંદુરસ્ત નજર આવતા હશે, ઊંટનું એક પણ બચ્ચું પણ ગાયબ નહીં હોય, આ ઊંટો પોતાના પગથી તે વ્યક્તિને કચડી નાખશે, અને પોતાના મોઢા વડે તેને બચકા ભરશે, જ્યારે પહેલું ઊંટ પસાર કરવામાં આવશે, તરત જ છેલ્લું પણ પસાર કરવામાં આવશે, તે દિવસે જેનો સમય પચાસ હજાર વર્ષ બરાબર એક દિવસ હશે, અહીં સુધી કે બંદાઓ વચ્ચે નિર્ણય કરવામાં આવશે, દરેક ને પોત પોતાનો માર્ગ જન્નત કે જહન્નમ દેખાડવામાં આવશે». પૂછવામાં આવ્યું: હે અલ્લાહના રસૂલ ! ગાય અને બકરી બાબતે શું આદેશ આપો છો? કહ્યું: «જે વ્યક્તિ ગાય અને બકરીઓનો માલિક હોય અને તેનો હક (ઝકાત) અદા ન કરે, તો કયામતના દિવસે એક સપાટ મેદાનમાં ગાયો અને બકરીઓ સામે તેને ઊંધો સુવાડવામાં આવશે, તેમાંથી કોઈ ઓછું નહીં હોય, કોઈના સિંગડા વાંકા નહીં હોય, ન તો કોઈના સિંગડા તૂટેલા હશે અને ન તો કોઈ જાનવર સિંગડા વગરનું હશે, તે જાનવર તેને પોતાના સિંગડા વડે કચડી નાખશે અને પોતાના પગ વડે કચડી નાખશે, હજુ એક કતાર એટલે કે લાઇન ખતમ નહીં થાય અને બીજી લાઇન તેની પાછળ જ તૈયાર હશે, તે દિવસે જેનો સમય પચાસ હજાર વર્ષ બરાબર એક દિવસ હશે, અહીં સુધી કે બંદાઓ વચ્ચે નિર્ણય કરવામાં આવશે, દરેક ને પોત પોતાનો માર્ગ જન્નત કે જહન્નમ દેખાડવામાં આવશે». પૂછવામાં આવ્યું કે: હે અલ્લાહના રસૂલ ! ઘોડાઓ વિશે તમે શું આદેશ આપો છો? કહ્યું: «ઘોડા ત્રણ પ્રકારના હોય છે: એક તે ઘોડા જે માનવી માટે બોજ હોય છે (અર્થાત્ ગુનાહ કરવાનું કારણ બનતા હોય છે,) બીજા તે ઘોડા જે માનવી માટે પડદાનું કારણ બને છે અને ત્રીજા તે ઘોડા જે માનવી માટે સવાબનું કારણ બને છે, તે ઘોડા જે માનવી માટે ગુનાહનું કારણ બને છે, તેને માનવી દેખાડો કરવા, નામચીન બનવા અને ઇસ્લામ વિરુદ્ધ ઉપયોગમાં લેવા માટે હોય છે, આ ઘોડા તેના માટે બોજ બહાર છે અને ગુનાહનું કારણ છે, તે ઘોડા જે માનવી માટે પડદાનું કારણ બને છે, તેને માનવી અલ્લાહ માટે જિહાદમાં ઉપયોગ લેવા માટે રાખતો હોય છે, અને તેની પીઠ અને ગરદનો બાબતે અલ્લાહનો હક નથી ભૂલતો, તો આવા ઘોડા તેના માટે પરદો બને છે, અને જે તેના માટે સવાબનું કારણ બને છે તે એવા ઘોડા જેને માનવી અલ્લાહના માર્ગમાં જિહાદ કરવા માટે મુસલમાનો માટે બગીચાઓમાં બાંધે છે, તે ઘોડા તે બગીચાઓ માંથી જે કઈ પણ ખાય, તેના માલિક માટે પ્રત્યેક દાણા પર સવાબ અને નેકી લખવામાં આવે છે, અને તેમનું ગોબર અને પેશાબ બરાબર સવાબ લખવામાં આવે છે, અને જો તે ઘોડા પોતાનું દોરડું

તોડી કોઈ એક ટેકરી અથવા બે ટેકરીઓ પર ચઢી જાય તો દોડવાના કારણે તેમના પગથી ઉડવાવાળી
ધૂળ બરાબર નેકી અને સવાબ લખવામાં આવે છે. પછી જો તેમનો મલિક તેમને કોઈ નહેર પર પાણી પીવડાવવા માટે લઈ જાય અને તેમાંથી પાણી પી લે જોકે તેમનો ઈરાદો ન હતો તો જેટલું પાણી
તે ઘોડાઓ પીશે તેના બરાબર નેકીઓ લખવામાં આવશે. [સહીહ (આ હદીષ સાચા દરજજાની છે)] [મુત્તફકુન્ અલયહિ]

આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ માલના કેટલાક પ્રકાર વર્ણન કર્યા છે, અને જે લોકો પોતાના માલ માંથી ઝકાત નથી આપતા કયામતના દિવસે તેમની સજા વર્ણન કરી છે, તેમાંથી: માલનો પહેલો પ્રકાર: સોનુ અને ચાંદી, રૂપિયા અને વેપારનો માલ, નિસાબ સુધી પહોંચી ગયા છતાંય ઝકાત નથી આપતા તેમના માટે કયામતના દિવસે તે માલ તખતીઓની શકલમાં લાવવામાં આવશે, તેને જહન્નમની આગમાં ગરમ કરવામાં આવશે, અને તેના માલિકને તેના વડે દાઝવામાં આવશે, અને તેને અઝાબ આપવામાં આવશે, તેની પીઠ, તેના બાજુ અને તેના કપાળ પર, જ્યારે પણ તે તખતીઓ ઠંડી થઈ જશે, ફરીવાર તેને ગરમ કરવામાં આવશે અને દાઝવામાં આવશે, લાંબા સમયગાળા સુધી જો કે કયામતનો એક દિવસ પચાસ હજાર વર્ષ બરાબર છે, અહીં સુધી કે અલ્લાહ બંદાઓ વચ્ચે નિર્ણય ન કરી લે કે તે જન્નતી લોકો માંથી છે કે જહન્નમી લોકો માંથી. માલનો બીજો પ્રકાર: જેની પાસે ઊંટ હોય અને તે ઊંટ નિસાબ સુધી પહોંચતા હોય, પરંતુ તે ઝકાત અદા ન કરે, અને જરૂરતમંદો માટે દૂધ પીવડાવવાનું પણ શામેલ છે, કયામતના દિવસે આ ઊંટ લાવવામાં આવશે, તે બધા ઊંટ તંદુરસ્ત હશે, એક પણ ઓછું નહીં હોય, તેમને ઉભા કરવામાં આવશે, તેમના માલિકને એક સપાટ મેદાન પર ઊંધા મોઢે સૂવાડી દેવામાં આવશે, એક એક કરી તેના પર ઊંટ પસાર કરવામાં આવશે, જે તેની પીઠ પર ચાલશે અને તેને બચકા ભરશે, જેમ જેમ છેલ્લું ઊંટ પસાર થશે, ફરી પહેલું ઊંટ પસાર કરવામાં આવશે, લાંબા સમયગાળા સુધી જો કે કયામતનો એક દિવસ પચાસ હજાર વર્ષ બરાબર છે, અહીં સુધી કે અલ્લાહ બંદાઓ વચ્ચે નિર્ણય ન કરી લે કે તે જન્નતી લોકો માંથી છે કે જહન્નમી લોકો માંથી. માલનો ત્રીજો પ્રકાર: ગાય અને બકરીઓ -ઘેટાં અને બકરાં-પણ શામેલ છે, તેમનો મલિક તેમની ફર્ઝ ઝકાત અદા નહિ કરતો હોય, જેટલી સંખ્યા તેની પાસે દુનિયામાં હતી તે દરેક જાનવર કયામતના દિવસે લાવવામાં આવશે એક પણ ઓછું કરવામાં નહિ આવે, દરેકને એક જગ્યા પર ભેગી કરવામાં આવશે, તેના માલિકને એક સપાટ મેદાન પર સૂવાડી દેવામાં આવશે, તે દરેક જાનવર સિંગડા વગરનું અથવા તૂટેલા સિંગડા અથવા વાંકા સિંગડા વાળું નહીં હોય, પરંતુ તે દરેક જાનવર હુંષ્ટપુષ્ટ હશે, તે તેના માલિકને સિંગડા વડે કચડી નાખશે અને પોતાના પગથી પણ કચડી નાખશે, જેમ છેલ્લું જાનવર પસાર થશે, પ્રથમ જાનવર ફરીવાર પસાર કરવામાં આવશે, સતત આ જ સ્થિતિમાં તેને અઝાબ આપવામાં આવશે, લાંબા સમયગાળા સુધી જો કે કયામતનો એક દિવસ પચાસ હજાર વર્ષ બરાબર છે, અહીં સુધી કે અલ્લાહ બંદાઓ વચ્ચે નિર્ણય ન કરી લે કે તે જન્નતી લોકો માંથી છે કે જહન્નમી લોકો માંથી. માલનો ચોથો પ્રકાર: ઘોડાઓના માલિક, જેના ત્રણ પ્રકારના છે: પહેલો: જેમના માટે ઘોડા બોજ છે, જેઓ દેખાડો કરવા, નામચીન થવા માટે અને ઇસ્લામ વિરૂદ્ધ ઉપયોગમાં લેવા માટે રાખતા હોય છે. બીજો: તે ઘોડાઓ તેમના માટે પડદો કરે છે, જેમના માલિકે તે ઘોડા અલ્લાહના માર્ગમાં જિહાદ કરવા માટે રાખ્યા છે, તેમના માલિકે તે ઘોડોઓનો ખ્યાલ રાખ્યો તેમને ચારો અને પાણી આપ્યું તેમજ સવારી માટે આપ્યા વગેરે. ત્રીજું: જે ઘોડાઓ તેના માલિક માટે સવાબનું કારણ બને છે, તેણે ઇસ્લામ માટે જેહાદ કરવા માટે અલ્લાહના માર્ગ માટે રાખ્યા હોય, અલ્લાહના માર્ગમાં જિહાદ કરવા માટે મુસલમાનો માટે બગીચાઓમાં બાંધે છે, તે ઘોડા તે બગીચાઓ માંથી જે કઈ પણ ખાય, તેના માલિક માટે પ્રત્યેક દાણા પર સવાબ અને નેકી લખવામાં આવે છે, અને તેમનું ગોબર અને પેશાબ બરાબર સવાબ લખવામાં આવે છે, અને જો તે ઘોડા પોતાનું દોરડું તોડી કોઈ એક ટેકરી અથવા બે ટેકરીઓ પર ચઢી જાય તો દોડવાના કારણે તેમના પગથી ઉડવાવાળી ધૂળ બરાબર નેકી અને સવાબ લખવામાં આવે છે. પછી જો તેમનો મલિક તેમને કોઈ નહેર પર પાણી પીવડાવવા માટે લઈ જાય અને તેમાંથી પાણી પી લે જોકે તેમનો ઈરાદો ન હતો તો જેટલું પાણી તે ઘોડાઓ પીશે તેના બરાબર નેકીઓ લખવામાં આવશે. પછી આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમને ગધેડા વિશે પૂછવામાં આવ્યું કે શું તેનો હુકમ ઘોડાની જેમ જ છે. કહ્યું કે તેમના માટે શરીઅતમાં કોઈ આદેશ આયો નથી, સિવાય તે વિપુલ આયત સિવાય જેનો આદેશ અનુસરણ અને અવજ્ઞા બન્નેમાં દરેક માટે સામાન્ય છે, અલ્લાહ તઆલાએ કહ્યું: {બસ ! જેણે રજ બરાબર ભલાઇ

કરી હશે, તે તેને જોઇ લેશે.અને જેણે રજ બરાબર બુરાઇ કરી હશે, તેપણ તેને જોઇ લેશે} [અલ્ ઝલ્ઝલહ: ૭-૮], જે વ્યક્તિ ગધેડા પાલાવવામાં અનુસરણ પ્રમાણે કામ કરશે તો તેને સવાબ મળશે અને જો તે અવજ્ઞા કરશે તો તેને જરૂર સજા મળશે. અને તેના દરેક અમલનો સમાવેશ થશે.

http://sunnah.global/hadeeth/gu/show/6611